| સૌરાષ્ટ્ર યુનિવર્સિટી | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી<br>સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય ,<br>યુનિવર્સિટીકેમ્પસ , યુનિવર્સિટી રોડ,<br>રાજકોટ – ૩૬૦૦૦૫<br>ફોન નં. ૨૫૭૮૫૦૧ થી ૧૨ (એક્સ ) ૨૧૪ | |
|---|---|---|
| Accredited Grade A by NAAC | | |


નં જોડાણ/૨/ ૧૮૬૪ /૨૦૧૮ તા. ૦૨ -૦૨-૨૦૧૮

**સંદર્ભ :-** અત્રે ની યુનિવર્સિટીના તા. ૬-૧૧-૨૦૧૭ ના પરિપત્ર નં. જોડાણ/૨/૧૨૭૭/૨૦૧૭

પરિપત્ર :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના જોડાણ વિભાગના કોમ્પ્યુટરાઈઝેશનની કામગીરી હાલ ચાલુ છે જે અન્વયે જોડાણ વિષયક બાબતોનો સોફ્ટવેર તૈયાર કરવામાં આવેલ છે. સોફ્ટવેર માટે પ્રાથમિક માહિતી ઉપલોડ કરવા માટે સંદર્ભ પરના પરિપત્ર થી સર્વે આચાર્યશ્રીઓને જણાવવામાં આવેલ છે પરંતુ કેટલીક કોલેજો તરફથી આજદિન સુધી પ્રાથમિક માહિતી અપલોડ કરવામાં આવેલ નથી જેના કારણે કોમ્પ્યુટરાઈઝેશનની કામગીરી ધીમી પડેલ છે. જે ધ્યાને લઇ નીચે મુજબની વિગતે જોડાણ વિષયક બાબતો યુનિવર્સિટીની વેબસાઈટ http://affiliation.saurashtrauniversity.edu પર અપલોડ કરવા વિનંતી કરવામાં આવે છે. આ ઉપરાંત વર્ષ ૨૦૧૮-૧૯ ની જોડાણ અરજીઓ જે અત્રેની યુનિવર્સિટીને હાર્ડકોપી માં મોકલેલ છે. તે માહિતી પણ સાધનિક કાગળો સાથે અપલોડ કરવાની રહેશે.

જોડાણ વિષયક માહિતી અપલોડ કરવા માટે નીચે મુજબની ગાઈડલાઈન અનુસરવાની રહેશે.

૧. જે કોલેજોએ પ્રાથમિક માહિતી અપલોડ કરેલ નથી તેવી કોલેજોએ પ્રથમ તબક્કામાં પ્રાથમિક માહિતી અપલોડ કરવાની રહેશે.

૨. દ્વીતીય તબક્કામાં કોલેજોને મંજૂર કરેલ જોડાણોના ઠરાવોની માહિતી અપલોડ કરવાની રહેશે.

૩. ત્રીજા તબક્કામાં જોડાણ વિષયક અરજી તથા સ્થાનિક તપાસ સમિતિની વિગતો અપલોડ કરવાની રહેશે જેમાં.........

(૧) સંસ્થા દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯ માટે જે જોડાણ અરજી મેન્યુઅલી કરવામાં આવેલ છે તે અરજી સોફ્ટવેરમાં અપલોડ કરવાની થાય છે.

(૨) વર્ષ ૨૦૧૮-૧૯ માટેની જોડાણ અરજી પરત્વે જે સ્થાનિક તપાસ સમિતિની નિયુક્તિ કરવામાં આવે તેના અહેવાલની વિગતો પણ અપલોડ કરવાની રહેશે.

(૩) સંસ્થા દ્વારા જો વર્ષ ૨૦૧૮-૧૯ માટેની જોડાણ અરજી સોફ્ટવેરમાં અપલોડ કરવામાં નહિ આવે તો જે સંસ્થાઓની સ્થાનિક તપાસ સમિતિની નિયુક્તિ બાકી છે તે કરવામાં આવશે નહિ ઉપરાંત ટૂંક સમયમાં વર્ષ ૨૦૧૯-૨૦ માટે જે જોડાણ અરજી ઓનલાઈન મંગાવવામાં આવશે તે સંસ્થા દ્વારા અપલોડ થઇ શકશે નહિ. તેના કારણે લેઈટ ફી તથા પેનલ્ટી ફીના જે પ્રશ્નો ઉભા થશે તેની સંપૂર્ણ જવાબદારી સંસ્થાની રહેશે.

(૪) વર્ષ ૨૦૧૮-૧૯ માટે જે સંસ્થાઓએ જોડાણ ફી ડીમાન્ડ ડ્રાફ્ટ દ્વારા મોકલેલ છે તેવી સંસ્થાઓએ ડીમાન્ડ ડ્રાફ્ટ ની વિગતો સંસ્થાએ પેમેન્ટની વિગતોમાં દર્શાવવાની રહેશે.આવી સંસ્થાઓએ ઓનલાઈન પેમેન્ટ કરવાનું થતું નથી પરંતુ વર્ષ ૨૦૧૯-૨૦ ની જોડાણ અરજીનું પેમેન્ટ જે તે સમયે ઓનલાઈન કરવાનું રહેશે, તે અંગેની જાણ યુનિવર્સિટી દ્વારા હવે પછી કરવામાં આવશે.

(૫) સોફ્ટવેર બાબતે માર્ગદર્શન/માહિતી માટે નીચે મુજબ ના ટેલીફોન નંબર પર સંપર્ક કરવાનો રહેશે. મોબાઈલ નંબર : ૮૦૦૦૦૩૯૩૯૦ અથવા
ફોન નં ૦૨૮૧- ૨૫૭૮૫૦૧ Ex. ૨૧૪ (જોડાણ વિભાગ)

(૬) સોફ્ટવેર અંતર્ગત માહિતી ગુજરાતી ગૂગલ શ્રુતિ ફોન્ટમાં ફીલ અપ કરવાની રહેશે.

(૭) યુનિવર્સિટીને પેપરલેસ કરવાના ભાગરૂપે ઉપર્યુક્ત માહિતી તા. ૧૦-૨-૨૦૧૮ સુધીમાં ઓનલાઈન અપલોડ કરવાની રહેશે.

(૮) વર્ષ ૨૦૧૮-૧૯ માટે જોડાણ અરજીની હાર્ડકોપી અત્રેની યુનિવર્સિટી ખાતે ઉપલબ્ધ હોઈ જેથી હાર્ડકોપી મોકલવાની રહેશે નહિ.

(મુસદ્દો કુલસચિવશ્રીએ મંજુર કરેલ છે.)

સહી/-
(ડૉ. ધિરેન પંડ્યા )
કુલસચિવ

રવાના કર્યું

નાયબ કુલસચિવ
જોડાણ વિભાગ

બિડાણ :- સંદર્ભિત પત્રની નકલ

પ્રતિ,
- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ

નકલ સાદર રવાના:-
૧. માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ ...............

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :-
૧. કોમ્પ્યુટર સેન્ટર ( વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા વિનંતી સહ ...)

K pariptr 18 3